નારીએ પકડેલો વાદ – નારીવાદ

"પુરૂષ-સ્ત્રી સમોવડીયા છે. આજે દીકરી પણ દીકરા સમાન જ છે." આ સરખામણીભર્યા શબ્દો ઘણાં સમયથી સાંભળીએ છીએ. પરંતુ ક્યાંક આ સરખામણીએ સ્ત્રીની સ્ત્રૈણ થવાની પ્રક્રિયા છીનવી લીધી છે. આ સરખામણી માત્ર એટલે કરવામાં આવે છે ક્યાંક મનને સાંત્વના આપવામાં આવે છે કે પુત્રી છે તો શું છે ક્યાં દીકરાથી હવે ઓછી છે. પરંતુ આ સાંત્વનામાં ક્યાંક અધુરાપણું વર્તાય છે અને ક્યાંક પુત્રી છે તેનો અફસોસ થાય છે. અને આ જ કારણે આજની સ્ત્રીના વ્યક્તિત્વને છીનવી લીધું છે. જ્યાં સ્ત્રી સ્ત્રી નથી બની શકતી પરંતુ ત્યાં પુરુષ બનવાની હોડમાં પડી છે.

પરંતુ એક નારી તરીકે આજે એક પ્રશ્ન પૂછવા માંગુ છું. જો આપણે સૌ પુરૂષથી ઓછા નથી જેવી કોઈ સ્પર્ધામાં લાગીશું તો શું તમે વિચાર્યું છે કે આ સમાજનું શું થશે? હા, કદાચ તમારો ઉત્તર હશે શા માટે મારે વળી સમાજનું વિચારવું. મારે તો મારી જિંદગી જીવવી છે. સ્વતંત્ર. પરંતુ તમે જાણો છો કે તમે લીધેલી સ્વતંત્રતા તમને મળી નથી પરંતુ આપવામાં આવી છે. આપણાંમાંથી એક પણ નારી આજે સ્વતંત્રતાની ક્રાંતિને લાવી જ નથી. ક્રાંતિ એક એવા વિચારની જ્યાં યુદ્ધ નથી, જ્યાં માલિકી નથી, જ્યાં ચડસા-ચડસી અને અદેખાઈ નથી, જ્યાં માત્ર પ્રેમ આપવાની વાત હોય. જ્યાં મકાન ન હોય પરંતુ ઘર હોય. કદાચ આપને લાગશે કે આ તો શેખચલ્લીના વિચારો જેવી કાલ્પનિક લાગે. પરંતુ વાસ્તવિકતા તો ખૂબ જ અલગ છે. પરંતુ એક મિનિટ માટે આ તથ્યને વિચારી જુવો. અઘરૂં છે પરંતુ અશક્ય નથી.

અને જો આ કાલ્પનિક વાત લાગે તો એક મિનિટ માટે પોતાને પૂછી જો જો કે તમે ખુશ છો આ સરખમણીથી? તમને યોગ્ય લાગે છે કે સવારે ઊઠતાની સાથે બહારની દુનિયાની ગુલામી કરો. જ્યાં તમારું બાળક તમારાં પ્રેમ માટે વલખાં મારતું હોય ત્યાં તેને બીજી વ્યક્તિના હાથમાં પૈસા આપીને સાચા ઉછેરની અપેક્ષા રાખી શકાય? અને પછી તે જ સપનાના મકાનમાં થાકીને સૂઈ જતી દરેક નારીઓનું જીવન માત્ર બેલેન્સ કરવામાં જ પૂરૂં થઈ જાય છે. તો આપણે કેવો નારીવાદ સ્વીકારવાની જરૂર છે?

1) જ્યાં થપ્પડનો સ્વીકાર નથી ત્યાં છૂટાછેડા પણ આવકાર્ય નથી.

""થપ્પડ" ફિલ્મથી હું વિમુખ નથી પરંતુ તેનાથી સહમત પણ નથી. કારણ સ્ત્રીનું અસ્તિત્વ અને વ્યક્તિત્વ પ્રેમનું વ્યક્તિત્વ છે. બીજાના રડતાં બાળકને શાંત કરવાનું માતૃત્વ માત્ર સ્ત્રીમાં જ જાગ્રત બને છે. અને ત્યાં જ થપ્પડને સહન નથી કરવાની પણ સંબંધને તોડવાનો પણ નથી. તો આ અન્યાયનો ઉપાય શું? આ અન્યાયનો ઉપાય બીજાને પ્રેમ આપવાની સાથે પોતાને પણ એટલો જ પ્રેમ કરવાનો છે. સ્ત્રી પોતાનું અસ્તિત્વ ભૂલીને કુટુંબની જવાબદારી લે છે. પોતાના શારીરિક બદલાવને બાજુમાં મૂકીને સંતાનને જન્મ આપે છે. પરંતુ તેની સાથે સાથે પોતાના વ્યક્તિત્વનો રૂંધાયેલો એ વિકાસને ફરી જાગૃત કરી પોતાના માટે જીવો. માત્ર જવાબદારી તમારી નથી તેની સભાનતા ઘરના દરેક વ્યક્તિને કરાવો. જવાબદારીને સમજણથી વહેંચો અને સ્વીકાર કરો. જ્યાં લગ્ન કરીને જાઓ છો

ત્યાં પહેલાં દિવસથી જ તમારાં વ્યક્તિત્વની ઓળખાણ કરવો. થપ્પડ પહેલાં જ દિવસે નથી વાગતી પરંતુ સમય જતાં તમે પોતાને ભૂલો છો અને માત્ર બીજાને યાદ રાખો છો તે શરૂઆત છે. પરંતુ પોતાને પ્રેમ કરશો તો જ બીજાનો પ્રેમ શક્ય બનશે.

૨) બધાંને ખુશ રાખવાની જવાબદારી મારી છે.

થોડા સમય પહેલાં સાસુ-વહૂની નાની વાર્તા સોશિયલ મીડિયામાં જોઈ રહી હતી. વહુ આખો દિવસ કામ કરે છે અને દરેકના સમયને સાચવીને પોતાના કામને પણ પ્રાધાન્ય આપતી જોવા મળે છે. અને તેમ છતાંય કઇંક રહી જાય નાનીઅમથી વાત ભૂલી જાય અને ઘરના સદસ્યો જાણે કે ના ખુશ હોય તેવું તેને લાગ્યા કરે. ત્યારે જ પોતાની સાસુને પૂછે છે મમ્મી હું ઘરમાં બધાંને ખુશ રાખવા શું કરું? બધુ જ કરું છું પરંતુ કઇંક રહી જાય છે અને તેનો મને વસવસો થાય છે. ત્યારે જ સાસુમાંએ ખૂબ સુંદર જવાબ આપ્યો. વહુ બેટા તમારું કર્તવ્ય તમે કરો છો અને સારી રીતે કરો છો. પરંતુ બધાંને ખુશ રાખવાની જવાબદારી તમારી નથી. તે તેમની પોતાની જવાબદારી છે. જીવનમાં આપ બીજાના માટે કેટલું પણ કરશો પરંતુ તે વ્યક્તિને આંનદીત રહેવું તે એ જ વ્યક્તિની જવાબદારી છે તમારી નહીં. અને આ દરેક સંબંધોમાં લાગુ પડે છે. અને આ સમજણ કેળવવાની જરૂર છે. કેમ? આપણી ખુશી બીજા ઉપર નથી પરંતુ આપણી પોતાની ઉપર છે. જો આપ દરેક પરિસ્થતિનું અવલોકન કરશો તો ખ્યાલ આવશે કે આપણે પરિસ્થિતિને કેવી રીતે નિહાળીએ છીએ તે જ આપની લાગણીઓ નક્કી કરે છે. તો નારી તરીકે આપ આપનું કર્તવ્ય કરો બીજાની ખૂશીની જવાબદારી ન લો.

૩) જ્યાં મકાન ઘર બને.

હવેના સમયમાં જ્યાં સ્ત્રી પોતે સવાર પડતાની સાથે ઓફિસની દોટ મૂકે છે ત્યાં હવે મકાન માત્ર પીજી બની ગયું છે. તો મકાનને ઘર કેમ બનાવશો? આ માટે કદાચ તમારે શીખવાની અને શિખવાડવાની જરૂર છે. ઘરના કામ હવે તો બહારના માણસોથી શક્ય છે પરંતુ ખરાં અર્થમાં સ્ત્રી અને પુરુષ જો વહેંચીને આ જવાબદારી લે તો કદાચ આર્થિક અથડામણ ઓછી થાય. ત્યાં કદાચ મકાનના દરેક ખૂણાને ઘર બનાવી શકાય. પોતાનું એ પોતાનું જ છે. ભલેને આપ કેટલા પણ પૈસા ખર્ચો પરંતુ તમે જે વહાલથી મકાનના દરેક ખૂણાને ઘર બનાવો છો તે કોઈ બનાવી નથી શકતું. અને માટે જ તમારી સાથે પુરુષને પણ ઘરના કામ વિષે માહિતગાર કરો અને સાથે મળીને કામ કરો. તો જ મકાન ઘર બનશે. જો પોતાના જ ઘરનું કામ કરવામાં નાનમનો અનુભવ થતો હોય તો સમજજો તમે યંત્રવત જીવનને આવકાર આપી રહ્યા છો.

અત્યારના સમયમાં જ્યાં ફિલ્મો અને મનોરંજન કાર્યક્રમો એ આપણને જે રીતે હિપ્નોટાઇઝ કર્યા છે તેને એક મિનિટ માટે વિચારજો. નારીનો નારીવાદ સકારાત્મક દિશામાં હોવો ખૂબ જરૂરી છે. જ્યાં આજની નારી સીગરેટ પીને બતાવવા માંગે કે તે પણ કઈં પુરૂષથી ઓછી નથી તેનો જો એ ગર્વ લેતી હોય તો તે નારીવાદ ખોટી દિશાનો છે. પરંતુ જો આ જ સ્ત્રી નક્કી કરે કે યુદ્ધ ના જોઈએ,

માલિકી ના જોઈએ તો ચોક્કસ એવું બને કે આ દુનિયા શાંતિ અને પ્રેમના માર્ગે વળી શકે. જો નારી ઈચ્છે કે તેનો એક પણ ભાઈ,પતિ,પિતા અને પુત્ર યુદ્ધ મેદાને નહીં જાય તો શું યુદ્ધ શક્ય છે?યુદ્ધ અને આતંક નહીં જન્મે. પરંતુ અત્યારનો નારીવાદ વિપરીત દિશાનો નારીવાદ વધુ ને વધુ યુદ્ધ અને આતંકને જન્મ આપશે. કારણ સ્ત્રી સ્ત્રી મટીને પુરુષ બની રહી છે.

નમસ્કાર.